# ગુજરાત જાહેર સેવા આયોગ

**નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩, નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.:૫૫/૨૦૧૮-૧૯) ના ઉમેદવારો માટે અગત્યની જાહેરાત**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક: ૫૫/૨૦૧૮-૧૯, નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તારીખ: ૧૬/૧૨/૨૦૧૮ ના રોજ લેવાનાર છે. આ જ તારીખે હાઈકોર્ટની અન્ય પરીક્ષાઓ પણ નિર્ધારિત કરેલ છે.

આ બન્ને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છનાર ઉમેદવારોની આયોગને મળેલ રજૂઆતો તથા ઉમેદવારોના હિતમાં આયોગ દ્વારા તારીખ: ૧૬/૧૨/૨૦૧૮ના રોજ યોજાનાર નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક: ૫૫/૨૦૧૮-૧૯)ની પ્રાથમિક કસોટીનો નવો સમય બપોરના 3:00 થી ૫:00 રાખવામાં આવે છે, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

આ બન્ને પરીક્ષાઓમાં નોંધાયેલ હોય તેવા ઉમેદવારો પોતાના હાઈકોર્ટની પરીક્ષાના પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપી શકે તે માટે તેઓએ ગુજરાત હાઈકોર્ટની પરીક્ષાનું પ્રવેશપત્ર અને આયોગની નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની જગ્યા માટે ઓનલાઈન ભરેલ અરજીપત્રકની નકલ સહિત પોતાની અરજી તા. ૨૦/૧૧/૨૦૧૮ના રોજ સાંજના ૦૬:૧૦ વાગ્યા સુધીમાં આયોગની કચેરીમાં રૂબરૂ આપવાની રહેશે. વિકલ્પ રૂપે ઉમેદવારો પોતાની અરજી માત્ર E-mail ID: so-ex-gpsc@gujarat.gov.in પર મોકલી શકશે. પોસ્ટ દ્વારા કે અન્ય કોઈ ઈ-મેઈલ પર મોકલેલ અરજી/રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. ઉપરોક્ત તારીખ બાદ મળેલ રજૂઆત /અરજી પણ ધ્યાને લેવામાં આવશે નહીં.

તારીખ: ૧૫/૧૧/૨૦૧૮